**મોટું આંતરડું અને (રેકટમ) મળાશય શું છે?**

મોટું આંતરડું આપણા પેટનું એક અવયવ છે અને આપણા પાચનતંત્રનો અકે ભાગ છે જે લગભગ ૧ મીટર લાંબું હોય છે અને નાનાં આંતરડા સાથે જોઠાયેલું હોય છે.

મોટા આંતરડા અને મળાશયનું મુખ્ય કામ પચન થયેલા ખોરાકમાંથી પાણી શોષવાનો અને મળ સંગ્રહ કરજાનું હોય છે અને જયારે કુરતી શાજત થાય ત્યારે તે મળ રીરમાંથી બહાર નીકળી જાય છે.

**લેપ્રોસ્કોપી પધ્ધતીથી મોટા આંતરડાનું ઓપરેશન અને તેના ફાયદા...**

લેપ્રોસ્કોપી પધ્ધતિમાં પેટની દિવાલ પર ચાર થી પાંચ વેટલાં નાના છેદ કરવામાં આવે છે અને તેમાં દૂરબીન તથા અન્ય સાધનોની મદદથી બહાર મૂકેલાં મોનીટરમાં જોઈ ઓપરેશન કરવામા આવે છે.

આવા પ્રકારના ઓપરેશનથી ઓપરેશન પછીનો દુઃખાવો ઘણો જ ઓછો થાય છે, હોસ્પિટલમાં રોકાણ ઘટે છે અને રોજ બરોજના કામકાજમાં ઝડપથી લાગી શકાય છે અને પેટ પર ઓપરેશનનો ચીરો ઘણો નાનો આવે છે. અમુક પ્રકારના ઓપરેશનમાં ખરાબ થયેલું મોટું આંતરડું કાડવા માટે નાનો ચીરો મૂકવાની જરૂર પડી શકે છે.

**શું તમે લેપ્રોસ્કોપી પધ્ધતીથી મોટા આંતરડાનું ઓપરેશન કરાવવા યોગ્ય છો?**

લેપ્રોસ્કોપી પધ્ધતિથી મોટા આંતરડાના ઓપરેશન કરાવવાના ફાયદા ઘણાં છે પરંતુ જો આપ હદય રોગ અથવા ફેફસાંના રોગથી પીડાતા હોવ તો ફીઝીશીયનની સલાહ અને થમારા સર્જન ડૉકટરની સલાહ પ્રમાણે ઓપરેશનની પધ્ધતિ નકકી કરવી જરૂરી બને છે.

**ઓપરેશન પહેલાં કઈ તૈયારી કરવની હોય છે?**

**૧.** મોટા આંતરડાના રોગનું નિદાન કરવા માટે મુખ્યત્વે કોલોનોસ્કોપી ટેસ્ટ કરવાનો રહે છે અને વધુ જાણકારી માટે સીટીસ્કેન અથવા બેરીયમ એનીમા કરાવવો પડે છે.

૨. રોગનું પર્ણ નિદાન થઈ જાય પછી ઓપરેશનની તૈયારી રૂપે લોહીની તપાસ, છાતીનો એકસ-રે અને કાર્ડિયોગ્રામ કરાવવામાં આવે છે.

૩. સર્જન ડૉકટર તમારા બધા જ રિપોર્ટ તપાસી છે, પછી તમને ઓપરેશન વિશે માહિતી આપીને તે માટેના સંમતિપત્ર પર તમારી સહી લે છે.

૪. ઓપરેશન પહેલાં તમારાં આંતરડા સાફ હોવા જરૂી છે જેના માટે ઓપરેશનના ૧૦ થી ૧૨ કલાક પહેલાં ખાસ પ્રકારનું પ્રવાહી આપીને આંતરડા સાફ કરવામાં આવે છે.

૫. ઓપરેશનના ૬ થી ૮ કલાક પહેલાંથી તમારે સંપૂર્ણ ભૂખ્યા રહેવાનું હોય છે અને જો તમે બ્લડપ્રેશરની દવા લેતાં હોવ તો તે થોડા પાણી સાથે લેવાની હોય છે.

૬. જો આપ એસ્પીરીન, વિટામીન ઈ અથવા દુઃખાવા માટેની દવા લેતાં હોવ તો ઓપરેશનના ત્રણ દિવસ પહેલાં બંધ કરી દેવી જરૂરી છે.

૭. જો આપ ધ્રુમપાન કરતા હોવ તો ઓપરેશનના એક અઠવાડિયા પહેલાં સંપૂર્ણ બંધ કરવું જરૂરી છે.

લેપ્રોસ્કોપી પધધતિથી મોટાં આંતરડાનું ઓપરેશન કેવી રીતે થાય છે?

લેપ્રલસ્કોપી પધ્ધતિથી મોટાં આંતરડાનું ઓપરેશન કરવા માટે તમને જનરલ એનેસ્થેસિયા આપીને બેહોશ કરવામાં ાવે છે. ત્યારબાદ પેટ પર ચાર થી પાંચ નાના છેદ કરીને તેમાં દુરબીન અને ઓપરેશનને લગતાં સાધનોની મદદથી તથા મોનીટર પર જોઈને ઓપરેશન કરવામાં આવે છે. જો મોટા આંતરડાને પેટ હ્રારા બહાર કાઢવાની જરૂર પડે તો નાનો ચીરો મૂકીને બહાર કાઢવામાં આવે છે.

જો ઓપરેશન દરમિયાન અમુક પ્રકારની તકલીફ પડે, જેવી કે આંતરડા બહુ જ ચોંટી ગયા હોય, પેટના અવયવ બરાબર રીતે ઓળખી શકાતા ન હોય અથવા બહુ મોટી ગાંઠ હોય ત્યારે દર્દના હિતને ધ્યાનમાં રાખીન લેપ્રોસ્કોપીમાંથી ઓપન પધ્ધતિ હ્રારા ઓપરેશન કરવામાં આવે છે.

**લેપ્રોસ્કોપી પધ્ધતિથી ઓપરેશન પછી...**

ઓપરેહન પછી તમારા સર્જન ડૉકટરની સલાહ માની જરૂરી છે. સામાન્ય રીતે ઓપરેશનનો દુઃખાવો ન થાય તે પ્રકારની દવા આપવામાં આવે છે.

તમે ઓપરેશન પછીના પહેલાં દિવસથી જ હલનચલન કરી શકો છો તમે પ્રવાહી અને ખોરાક લેતાં થાવ ત્યાં સુધી નસ વાટે પ્રવાહી આપવામાં આવે છે.

તમે હોસ્પિટલમાંથી ઝડપી રજા મેળવી શકો છો અને તમારા રોજિંદા કામમાં ૧૦ થી ૧૫ દિવસમાં જોડાઈ શકો છો.

ઓપરેશન પછી શું તકલીફ થઈ શકે?

અમુક દર્દીને કયારેક ધાવમાં ચેપ લાગવો, લોહી નીકળવાથી માંડીને આંતરડા લીક થવા જેવી તકલીફ થઈ શકે છે પરંતુ આવી તકલીફનો આધાર દર્દીના શરીરના બાંધા પર આધાર રાખે છે.

જો ઓપરેશન પછી તમને કોઈપણ તકલીફ થાય તો તાત્કાલિક તમારા ડૉકટરનો સંપર્ક કરવો જરૂરી છે.

# Colon Resection

આપના હિત માટે પ્રકાશિત


હરિભક્તિ સર્જીકલ હોસ્પિટલ

૫૦૮, સંગીતા કોમ્પ્લેક્ષ, ડૉક્ટર હાઉસ સામે, પરીમલ ક્રોસીંગ પાસે, અમદાવાદ– ૬.

ફોન: ૬૪૬ ૧૧૮૬, ૬૪૬ ૨૨૮૬